# ગુજરાતમિત્ર શો ટાઈમ

ગુરુવાર ૨૨ જાન્યુઆરી, ૨૦૨૬



પરવિન બાબીની જેમ તેના ઘરને પણ અડધી રાત્રે તોડી પડાયુ..... Pg.2



'સાચું કહું તો મેં ક્યારેય પ્લાન નથી કર્યો કે... Pg.4




# અરે યાર, બોલિવૂડમાં ધર્મના ઢીંગાણામાં ફસાયા રહેમાન

ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં સમયેસમયે પાવરશિફ્ટ થતો જોવા મળે છે. એનો અર્થ એ થાય છે કે પહેલાં જે રીતે ફિલ્મો બનાવવા માટે મોટા નામી એક્ટર અને આર્ટિસ્ટને કાસ્ટ કરવામાં આવતાં તેની જગ્યાએ નવા ઉગતા સિતારાઓને તક આપવામાં આવે. નવા જમાનામાં નવા ટ્રેન્ડ સાથે ઓડિયન્સનો ટેસ્ટ પણ બદલાય છે, માર્કેટમાં નાણાં અને નામ કમાવા તેમની ઉમ્મીદો પર ખરા ઊતરવા જે ટ્રેન્ડિંગ હોય એના પર ધ્યાન આપવામાં આવે છે. આ પાવરશિફ્ટના પરિણામે જૂના કલાકારો તરફ ધ્યાન ઓછું આપવાની ફરિયાદો વરસે દહાડે સાંભળવા મળે છે, એની જ એક રાવ હાલમાં 'ટૉક ઓફ ધ ટાઉન' છે.

વાત એમ બની હતી કે A.R. રહેમાને BBC ન્યૂઝ સાથેના એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે, છેલ્લા આઠ વર્ષમાં બોલિવૂડમાં પાવરશિફ્ટ થયો છે. જે લોકો પોતે ક્રિએટિવ નથી તેમની પાસે હવે વસ્તુઓ નક્કી કરવાની શક્તિ છે અને નોન-ક્રિએટિવ પર્સન હવે ફાઈનલાઈઝ કરે છે. અને આ ફેરફાર સ્પષ્ટ રીતે કરવામાં આવ્યો નથી, પરંતુ આડકતરી રીતે વ્યક્ત કરવામાં આવ્યો છે. તેમાં કદાચ સાંપ્રદાયિક બાબત પણ હોઈ શકે છે, પરંતુ મારા મોઢા પર નથી કહેવાયું.' તેમણે આગળ ઉદાહરણ આપતા જણાવ્યું કે, 'મને ચીની લોકો કહ્યું હતું કે તેમણે મને બુક કર્યો છે, પરંતુ મ્યુઝિક કંપનીએ તેમના અન્ય પાંચ સંગીતકારોને પણ રાખ્યા, જેમાં મારું નામ નહોતું. મેં કહ્યું, 'ઓહ, સારું છે, મારા માટે પરિવાર સાથે આરામનો દિવસ.' 90 મિનિટ ચાલેલાં BBC સાથેના ઈન્ટરવ્યૂમાં આ વાત કહી હતી. પરંતુ ત્યારબાદ બોલિવૂડ એક્ટર્સ, ઈન્ફ્લ્યુએનસર્સ અને પોલિટિક્સમાં તેમના નિવેદનથી જે ધમાલ ચાલી તેનો મિજાજ કંઈક અલગ હતો. તેમના આ સંવાદમાં સાંપ્રદાયિક(COMMUNAL) શબ્દ કિવર્ડ બની ગયો. લોકોએ પોતપોતની સમજ મુજબ રહેમાનના આ નિવેદન પર રિએક્ટ કર્યું. બોલિવૂડ ક્વિન એક્ટ્રસ અને પોલિટીશ્યન કંગના રનૌતે ઈન્સ્ટાગ્રામ પર સ્ટોરી અપલોડ કરી. A.R. રહેમાનને ટાર્ગેટ કરીને લખ્યું હતું કે, મારી ફિલ્મ 'ઈમરજન્સી' માટે A.R. રહેમાનનું મ્યુઝિક રાખવું હતું પરંતુ રહેમાને ફિલ્મને 'પ્રોપેગેન્ડા' કહીને મળવાનો પણ ઈન્કાર કરી દીધો! કંગનાએ બીજી સ્ટોરીમાં ડિઝાઈનર મસાબા ગુપ્તાને પણ અડફેટે લીધી. રામ જન્મભૂમિ સમારંભ વખતે કંગનાએ મસાબાની ડિઝાઈન કરેલી સાડી પહેરી હતી પરંતુ મસાબાએ ના પાડી હતી કે આ તેની ડિઝાઈનર સાડી ન પહેરે કે તેના નામનો ઉપયોગ ન કરે! કંગનાનું કહેવું એમ છે કે જો રહેમાન ધાર્મિક રીતે થયેલા ભેદભાવ પર વાત કરતા હોય તો નકામા મગરમચ્છના આંસુ સારવાના બંધ કરે. કંગનાની જેમ ઘણાં પોલિટીશ્યનો રહેમાન પર તૂટી પડ્યા. કેટલાંક નેતાઓએ તો રહેમાનની દેશભક્તિ અને ટેલેન્ટ પર પણ સવાલો ઉઠાવવાના ચાલું કરી દીધા હતા. અને પોતે 'વિક્ટીમ કાર્ડ' પ્લે કરી રહ્યા છે એવો દાવો કર્યો હતો. તાજેતરની ઘણી સામાન્ય ઘટનાઓમાં પણ લોકો ધાર્મિકતા લાવી નાની વાતોમાંથી મોટો બખેડો કરતા રહે છે. ઘણાં બોલિવૂડ સેલેબ્સ આ રીતે પીટાઈ ચૂક્યા છે, A.R. રહેમાન વિશે વાત કરીએ તો તેમના પરિવારે એક પેઢી અગાઉ ધર્મપરિવર્તન કર્યું હતું. તેઓ મૂળ સાઉથના હિંદુ, એ. એસ. દિલીપકુમાર નામે હતા પરંતુ પિતાના મૃત્યુ બાદ તેમના આખા પરિવારે મુસ્લીમ ધર્મ અંગિકાર કરી લીધો હતો. તેમનો પરિવાર ચૂસ્ત રીતે ઈસ્લામ ધર્મ પાડે છે.

તામિલ ગીતકાર અને લેખક પિરાયસૂદને એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, તેમને રહેમાનનું કામ ગમ્યું હતુ અને તેની સાથે કામ કરવા રહેમાનના ઘરે મળવા આવ્યા હતા ત્યારે રહેમાનની માતાએ તેમને ઘરમાં આવવાની ના પાડી હતી કારણ કે તેમણે માથે વિભુતી લગાવી હતી. એ સમયે રહેમાન એટલાં જાણીતા નહોતા અને તામિલ ઈન્ડસ્ટ્રીમાં પણ નવા જ હતા. બોલિવૂડના સેલેબ્સમાંથી અભિજીત ભટ્ટાચાર્યએ એક પોડકાસ્ટમાં કહ્યું હતું કે A.R. રહેમાનને કારણે આજે કેટલાંય આર્ટિસ્ટો ઘરે બેરોજગાર બેઠા છે. રહેમાને તેમની રોજીરોટી છીનવી લીધી છે. રાઈટર જાવેદ અખ્તર માને છે કે ઈન્ડસ્ટ્રીમાં થોડો 'ગ્રે સ્ટેટ' છે પરંતુ કમ્યુનિટીના નામે ઓપોર્ચ્યુનિટી આપવામાં નથી આવતી એવું પણ નથી. જાવેદ અખ્તરે કોમ્યુનલ બાયસને નકારી કાઢતા કહ્યું કે ઘણા પ્રોડ્યુસરોને એવું લાગે છે કે રહેમાન ઘણા બીઝી રહેતાં કલાકારોમાંના એક છે અથવા તો તમની સાથેના પ્રોજેક્ટ્સ કરવા ઘણા મોંઘા હોવાને કારણે રહેમાન સાથે કામ કરવાનું ટાળતાં હોય છે. તો પરેશ રાવલ રહેમાનના સપોર્ટમાં આવ્યા હતા અને પોસ્ટ કર્યું હતુ કે A.R. રહેમાન દેશનું ગૌરવ છે. તેમના જેવા કલાકારોને આ રીતે બેકલેશ ન કરવું જોઈએ. જાણીતા સિંગર શાન, હરિહરન અને ડાયરેક્ટર ઈમ્તીયાઝ અલીએ રહેમાનની કમેન્ટને ખોટી ચિતરી કાઢી હોવાની કોમેન્ટ કરી છે. રહેમાને આ કોન્ટ્રોવર્સી બાદ પોતાના પોઈન્ટને ક્લીઅર કરતા કહ્યું કે, ઘણીવાર તમે શું કહેવા માંગો અને લોકો શું સમજે તેમાં તફાવત હોય છે. હું મારા દેશને પ્રેમ કરું છૂ. અને મ્યુઝિકથી લોકોને નજીક લાવું છું. ઘણાં લોકોનું કહેવું છે કે મ્યુઝિક પણ કલા છે તો તેને કલાની રીતે જ જોવી જોઈએ. તેને ધર્મ સાથે ન જોડવું. રહી વાત બોલિવૂડનાં પાવરશિફ્ટની તો ઈન્ડસ્ટ્રીમાં રોજેરોજ નવા ચહેરા ઉમેરાતા રહે છે. તે સાથે ઓડિયન્સનો ટેસ્ટ પણ બદલાયા કરે છે. આ સમયે જો 59 વર્ષના રહેમાનને ઢગલાબંધ કામ ન મળતું હોય તો તે સામાન્ય વાત છે. જોકે, તદ્દન એવું પણ નથી કે રહેમાને કામ જ નથી. તેમની પાસે હાલમાં 8 પ્રોજેક્ટ પેન્ડિંગ પડ્યા છે, હાલમાં રહેમાન અપકમિંગ 'રામાયણ' માટે બેકગ્રાઉન્ડ મ્યુઝિક આપી રહ્યાં છે. ●

**A.R. રહેમાને BBC ન્યૂઝ સાથેના એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે, છેલ્લા આઠ વર્ષમાં બોલિવૂડમાં પાવરશિફ્ટ થયો છે. જે લોકો પોતે ક્રિએટિવ નથી તેમની પાસે હવે વસ્તુઓ નક્કી કરવાની શક્તિ છે અને નોન-ક્રિએટિવ પર્સન હવે ફાઈનલાઈઝ કરે છે**

## દિશાને મળી ગઈ પ્રેમની નવી દિશા?

એક હસીના છે દિશા પટણી. દિશા થોડા સમયથી મૌની રોય સાથે વધારે નજરે પડતી. ક્યારેક મૌનીના ઘરે તહેવારોમાં, ક્યારેક વિદેશોમાં વેકેશન પર, ક્યારેક જીમ જતી વેળાએ પાપારાઝીઓના કેમેરામાં કે બોલિવૂડની ઈવેન્ટ હોય કે સેલેબ્સના લગ્નમાં. જ્યાં તમે મૌનીને સ્પોટ કરશો ત્યાં બાજુમાં મૌનીના પતિ સુરજ કરતા વધારે દિશા ઊભેલી દેખાશે. બિલકુલ આ જ રીતે મૌની અને દિશા ક્રિતી સેનનની બહેન નૂપુરના લગ્નમાં હાજર રહ્યા હતા. પરંતુ ઉદયપુર એરપોર્ટ પર અને લગ્નના સંગીત વખતે દિશા સાથે અન્ય એક વ્યક્તિ પણ હાજર હતો અને એ પણ દિશાના હાથમાં હાથ નાંખીને ઊભેલો! તે વ્યક્તિ પોપ્યુલર પંજાબી સિંગર તલવિંદર સિંઘ સિદ્ધુ છે. તેણે 'હસીન', 'ખ્યાલ', 'ગલ્લાં 4' વગેરે જેવાં જાણીતા ગીતો આપ્યા છે. જોકે તલવિંદરને ફેસથી ઘણા ઓછા લોકો જાણે છે, કારણ કે મ્યુઝિક વીડિયોના શૂટિંગ સમયે કે લાઈવ પર્ફોર્મન્સ વખતે તે કાયમ માસ્ક પહેરી રાખે છે! થોડા દિવસો અગાઉ જ્યારે દિશા ગોવામાં અર્શદ વારસી સાથે એક કારમાં સ્પોટ થઈ હતી ત્યારે પણ તેની સાથે એક અજાણ્યો માણસ હતો, જે દિશાના ખભા પર હાથ મૂકીને બેઠો હતો પરંતુ માસ્કના કારણે એ સમયે કોઈ તેને ઓળખી ન શક્યું. હવે નેટીઝન આ બંનેને સાથે જોડીને કનેકશન કાઢી રહ્યા છે કે તે તલવિંદર હતો. અને હવે તેમની ડેટિંગ અફવાઓ સુર્ખીઓમાં છે. ●



## 'પાવરસ્ટાર' પવન સામુરાઇ બન્યો




'પાવરસ્ટાર' તરીકે જાણીતા સાઉથ ઈન્ડિયન એક્ટર અને આંધ્રપ્રદેશના ઉપમુખ્યમંત્રી પવન કલ્યાણ, હાલમાં ફિલ્મ અને રાજકારણ સિવાય સામુરાઈ દુનિયામાં પણ એન્ટ્રી લીધી છે. પવને જાપાનની પ્રાચીન કળા ગણાતી કેન્જુત્સુ (Kenjutsu)માં ટાઈટલ મેળવ્યું છે. આ કળા સમુરાઈ યોદ્ધાઓની તલવારબાજીની કળા છે. જાપાનની બહાર આ ટાઈટલ મેળવવું ખૂબ મુશ્કેલ છે અને જાપાનમાં પણ ઘણા ઓછા લોકોને આ પદ મળતું હોય છે. પવન કલ્યાણ આ ગૌરવ મેળવનાર સૌપ્રથમ ભારતીય બન્યા છે. પવન કલ્યાણે 30 વર્ષ કરતાં પણ વધારે સમયથી માર્શલ-આર્ટ્સની પ્રેક્ટિસ કરી છે. તેણે ચેન્નાઈમાં કરાટેની તાલીમ લીધી અને પછી જાપાની સામુરાઈ પરંપરાનો અભ્યાસ કર્યો. તેની આ મહેનતને કારણે જાપાનના ઓર્ગેનાઈઝેશને તેમને ફિફ્થ ડાન (5th Dan)નું ટાઈટલ આપ્યું. પવન કલ્યાણ ફક્ત ફિલ્મોમાં એક્શન કરવામાં જ નહીં પરંતુ રીયલ ફાઈટમાં પણ માહેર છે. એક્ટરમાંથી પોલિટીશ્યન બનેલા પવને તેના સોશ્યલ મીડિયા પર ફેન્સને 'કલ્યાણ કુમારમાંથી માર્શલ-આર્ટ્સના ટાઈગર' બનવા સુધીની સફર જણાવી. ●



## નેહા કક્કર કન્ફ્યુઝ કેમ કરે છે?

લોકો પોતાની જવાબદારીથી ક્યારેક પરેશાન હોય તે સમજી શકાય. પણ શું તમે એવી વ્યક્તિ જોઈ છે તે જવાબદારી, રિલેશન અને કામ બધાથી એકસાથે પરેશાન હોય? તેનું તાજુ ઉદાહરણ છે નેહા કક્કર! આ ફેમસ સિંગર નેહા કક્કરને ચર્ચામાં રહેતા ખૂબ સારી રીતે આવડે છે. નેહા ક્યારેક ચાલુ શોમાં રડીને, ક્યારેક વલ્ગર ડાન્સ કરીને ચર્ચામાં રહેતી હોય છે. ચર્ચામાં રહેવા નેહાએ એક નવો રસ્તો શોધી લીધો. તે છે લોકોને કન્ફ્યુઝ કરવા. નેહાએ પોસ્ટ શેર કરી બધાને ચોંકાવી દીધા અને પછી લોકો વધારે કન્ફ્યુઝ થયા! જોકે નેહાએ તો પોસ્ટ કલાકમાં ડિલિટ કરી દીધી હતી પણ જ્યાં સુધી તેને કંઈ અહેસાસ થાય તે પહેલા જ તો પોસ્ટ વાયરલ થઈ ગઈ. વાત જાણે એમ છે કે નેહાએ પોસ્ટમાં એવું કહ્યું કે તે પોતાની જવાબદારી, રિલેશન અને કામથી બ્રેક લે છે! નેહાની પોસ્ટમાં જોઈએ તો આપણને લાગે કે તે થોડી પરેશાન હશે. ઘણા સમયથી નેહા અને રોહનપ્રિતના ડિવોર્સની અફવાઓ આગની જેમ ફેલાઈ રહી છે. નેહા એક સ્ટાર હોય એટલે આવી અફવાઓ તો ઉડતી હોય છે, પણ નેહા તેવી અફવાઓને પોતે જ હવા આપે છે. નેહા પોતે કન્ફ્યુઝ છે કે, લોકોને કન્ફ્યુઝ કરવા માગે છે તે સમજાતું નથી. ●

## રાધિકા અને વિહાન વચ્ચે કંઈ મિસમેચ્ડ છે?



હાલ બોલિવૂડમાં નવા કપલની એન્ટ્રી થઈ હોય તેમ લાગી રહ્યું છે. રાધિકા મદન અને વિહાન સામત વચ્ચે કંઈક મિસમેચ્ડ થઈ રહ્યું હોય તેના પુરાવા મળ્યા છે. જોકે, તેમના વચ્ચે આ 'કંઈક' હોવાની વાત તો 2024થી શરૂ થઈ હતી, જ્યારે રાધિકા, વિહાનની ફિલ્મ 'CTRL'ની સ્ક્રીનિંગમાં ગઈ હતી. ત્યારબાદ બંનેને અનેક વખત સાથે જોવા મળ્યા. આ કપલને મુંબઈના મોલમાં હાથ પકડીને ચાલતા કે બોલિવૂડની પાર્ટીમાં સાથે કેપ્ચર કરાયા છે. હવે, આ ફક્ત અફવા હોય કે હકીકત પરંતુ ફેન્સ ઘણાં ખુશ છે. રાધિકા અને વિહાનની કેમિસ્ટ્રી ખૂબ સારી લાગે છે. વિહાનને એક ઈન્ટરવ્યુમાં રાધિકા વિશે પૂછવામાં આવ્યું હતું ત્યારે તેણે 'સારી એક્ટ્રસ' કહી હતી અને પોતાને 'ચિપકુ બોયફ્રેન્ડ' કહ્યો હતો પણ તેમના સંબંધ વિશે સ્પષ્ટ નથી કર્યું. બંનેની ઈન્સ્ટાગ્રામ પ્રોફાઈલ જોતા કંઈક હોવાનો પુરાવો મળશે. આ સમયે બંને વચ્ચે રોમેન્ટિક સંબંધ છે કે માત્ર દોસ્તી છે? તે સ્પષ્ટ નથી. ફેન્સ તેમને સાથે જોવા માંગે છે, પરંતુ તેઓ પોતાની પ્રાઈવસીને મહત્ત્વ આપે છે. આવા સંબંધોમાં ઘણી વખત અફવાઓ ફેલાય છે, પણ સાચું શું એ તો તે બંને જ જાણે! ●

